વાર્ષિક હિસાબો

| વિગત | ઉધાર | જમા |
|---|---|---|
| 6% ના ડિબેન્ચર નું ખાતું | | 3,00,000 |
| ડિબેન્ચર વ્યાજ ખાતું | 6,000 | |

1. વ્યાજની કઈ રકમ નફા નુકસાન ખાતે ઉધારવાની થશે?
2. કંપનીના ૨,૦૦,૦૦૦ શેર દરેક રૂપિયા ૧૦નો પૂર્ણ ભરપાઈ હોય તો તે વાર્ષિક ૧૦% ના દરે વચગાળાનું ડિવિડન્ડ ચૂકવે તો ડિવિડન્ડ ની રકમ ------
3. જામીનગીરી પ્રીમિયમ નું ખાતું પાકા સરવૈયામાં ________મુખ્ય શીર્ષક હેઠળ અને _________પેટા શીર્ષક હેઠળ દર્શાવાશે.
4. ડિવિડન્ડ  સામાન્ય રીતે ચૂકવવામાં આવે છે -------------
5. નીચે દર્શાવેલ બાબતો પૈકી કઈ બાબત પાકા સરવૈયામાં અનામત અને વધારાના મથાળા હેઠળ દર્શાવવામાં આવતી નથી?

(A) સામાન્ય અનામત (B) સૂચિત ડિવિડન્ડ (C) જામીનગીરી પ્રીમિયમ (D) ડિબેન્ચર પરત નિધિ

6. ------- એટલે બે સામાન્ય સભા વચ્ચેના સમયગાળા દરમિયાન ડિરેક્ટરોએ જાહેર કરેલ ડિવિડન્ડ

7. કોર્પોરેટ ડિવિડન્ટ ટેક્સ --------પર ગણવામાં આવે છે.

8. વૈદ્ય લિમિટેડના કાચા સરવૈયામાં તારીખ ૩૧/૦૩/૨૦૨૫ ના રોજ નીચેની બાકી છે:

| વિગત | ઉધાર | જમા |
|---|---|---|
| આવકવેરાની જોગવાઈ (૧-૪-૨૪ ) | - | ૬૦,૦૦૦ |
| અગાઉથી ચૂકવેલ આવકવેરો (૧-૪-૨૪) | ૫૩,૦૦૦ | |
| અગાઉથી ચૂકવેલ આવકવેરો<br>(વર્ષ દરમિયાન ચૂકવેલ ૨૦૨૪-૨૫) | ૬૫,૦૦૦ | |

૨૦૨૪-૨૫ વર્ષ દરમિયાન ૨૦૨૩-૨૪ ના વર્ષની આકારણી પૂરી થઈ અને આવકવેરાની જવાબદારી રૂપિયા ૫૩,૦૦૦ નક્કી થઈ. ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે આવકવેરાની જોગવાઈ ૭૦,૦૦૦ રાખવી ઉપરની માહિતી વાર્ષિક હિસાબમાં કેવી રીતે દર્શાવશો?

૯. એસ્સાર  લિમિટેડના કાચા સરવૈયામાં ૩૧/૩/ ૨૪ ના રોજ નીચેની બાકી હતી:

| વિગત | ઉધાર | જમા |
|---|---|---|
| આવકવેરાની જોગવાઈ (૧-૦૪-૨૦૨૪) | - | 20,000 |
| અગાઉથી ચૂકવેલ આવકવેરો (૧-૦૪-૨૦૨૪) | 15,000 | |
| અગાઉથી ચૂકવેલ આવકવેરો<br>(ચાલુ વર્ષના ચૂકવેલ ૨૦૨૪-૨૫) | 20,000 | |

વર્ષ ૨૦૨૩-૨૪ ની આકરણી પૂરી થઈ અને આવકવેરાની જવાબદારી રૂપિયા 18000 નક્કી થઈ અને ૨૦૨૪-૨૫ માટે આવકવેરાની જોગવાઈ ૨૫,૦૦૦ રાખવી. ઉપરની માહિતી વાર્ષિક હિસાબમાં કેવી રીતે દર્શાવશો?

૯.એબીસી લિમિટેડના ચોપડે ૩૧/૩ /૨૫ ના રોજ નીચેની બાકી હતી:

| વિગત | ઉધાર | જમા |
|---|---|---|
| આવકવેરાની જોગવાઈ (૧-૦૪-૨૦૨૪) | - | 75,000 |
| ગઈ સાલનું આવકવેરો ચૂકવ્યું | 72,000 | |

ગઈ સાલ ની આવકવેરાની જવાબદારી 78,000 નક્કી થઈ. ચાલુ વર્ષની આવકવેરાની જોગવાઈ 60,000 રાખવાની છે ઉપરોક્ત બાબતો કંપનીના વાર્ષિક હિસાબમાં કેવી રીતે દર્શાવશો?

૧૧. નીચેની વિગતો પાકું સરવૈયું તૈયાર કરતી વખતે ક્યાં દર્શાવાશે? ( મુખ્ય શીર્ષક અને પેટા શીર્ષક સાથે)

જાહેરાત,ઘાલખાધ,ડિરેક્ટરોની લોન ,પ્લાન્ટ ,ભાડું મળ્યું ,ખરીદી ,વેચાણ , શેર જપ્તી, બાકી હપતા, ડિબેન્ચર વ્યાજ ,વહીવટી ખર્ચ ,, કોર્પોરેટ ડિવિડન્ડ ટેક્સ ,આવકવેરાની જોગવાઈ ,દેવાદાર , લેણદાર, ઈક્વિટી શેર મૂડી, ખરીદ પરત, ફ્રેંચાઈઝી,

૧૨. તા.૩૧-૦૩-૨૦૨૫ના રોજ યંત્રોની ચોપડે બાકી રૂ.૫,૦૦,૦૦૦ હતી, જેમાં રૂ.૨,૦૦,૦૦૦ના યંત્રો તા.૧-૧-૨૦૨૫ના રોજ ખરીદેલનો સમાવેશ થાય છે. ૧૦% લેખે ઘસારાની ગણતરી કરો.

૧૩. એક કંપનીની ઇક્વિટી શેરમૂડી રૂ.૩,૦૦,૦૦૦ અને ૧૦%ની પ્રેફરન્સ શેરમૂડી રૂ.૫,૦૦,૦૦૦ છે. ડીરેક્ટરોએ ઇક્વિટી શેર પર ૧૫% ડીવીડન્ડ જાહેર કરેલ છે. કુલ ડીવીડન્ડની રકમની ગણતરી કરો.

૧૪. કંપનીના ૫,૦૦,૦૦૦ શેર દરેક રૂપિયા ૧૦નો રૂ. ૮ શેર દીઠ ભરપાઈ હોય તો તે વાર્ષિક ૧૦% ના દરે વચગાળાનું ડિવિડન્ડ ચૂકવે તો ડિવિડન્ડ ની રકમ શોધો.